**સરદાર પટેલ આવાસ યોજના હેઠળ**
**બિનસરકારી સંસ્થાઓને સહાયનું**
**એડવાન્સ ચૂકવણું કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**
**ઠરાવ નંબરઃમકમ-૧૦૯૫-૧૩૨૬-લ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખઃ- ૨૫ -૫-૨૦૦૦**

વંચાણે લીધાઃ- ૧. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખઃ ૪.૨.૨૦૦૦નો ઠરાવ ક્રમાંક - મકન-૧૦૯૫-૧૮૮૫-૧૩૨૬-(૯૯)લ
૨. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તારીખઃ- ૫-૪-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક-સપય-૧૦-૨૦૦૦-મંત્રી—૫૩-લ

ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે સરદાર પટેલ આવાસ યોજના હેઠળ આપવામાં આવતી મકાન બાંધકામ સહાયમાં વંચાણમાં લીધેલ ક્રમાંક- ૧ સામેના ઠરાવથી ફેરફાર કરી એકસમાન ધોરણે રુ. ૩૦,૦૦૦ ની સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. વધુમાં સરદાર પટેલ આવાસ યોજના અન્વયે બાંધવામાં આવતા આવાસોની કામગીરીમાં કાર્યરત અને પ્રતિષ્ઠિત બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને સાંકળવાનું પણ ઉપરોક્ત ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ બાંધવામાં આવતા આવાસો માટે બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને મકાન બાંધકામ ખર્ચને પહોંચી વળવા અમુક રકમ એડવાન્સ તરીકે ચૂકવી આપવા અંગેની રજૂઆત સરકારશ્રીને મળી હતી અને પુખ્ત વિચારણાને અંતે મકાન બાંધી આપનાર બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓની માંગણી મુજબથી એડવાન્સની રકમની ચૂકવણી કરી શકાય તેમ નિર્ણય કરવામાં આવ્યો છે અને આ માટે એડવાન્સની રકમ ચૂકવવા માટે નીચે મુજબની પધ્ધતિ આથી ઠરાવવામાં આવે છે :—

(૧) આવી બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ સરદાર પટેલ આવાસ યોજના હેઠળ સોંપવામાં આવેલ કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરશે અને મકાન બાંધકામ અંગેનાં સ્પેશીફિકેશન, લેઆઉટ વિગેરે સંપૂર્ણ રીતે સચવાય તે મુજબ બાંધકામ સંતોષકારકરીતે કરી આપશે તે અંગેનું કબુલાતનામું તેમણે આપવાનું રહેશે. તેમની પાસેથી રાષ્ટ્રિયકૃત બેન્ક અથવા શેડયુલ્ડ બેન્ક પાસેથી એડવાન્સની ૧૦૦ ટકા રકમ માટે ગેરંટી મેળવવાની રહેશે. આવી ગેરંટી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી અથવા તેઓશ્રીના તાબાના અધિકારી કે જેઓ વર્ગ-૧ની કક્ષાથી નીચેના ન હોય તેમને અધિકૃત કરે તે બેન્ક ગેરંટી ઈન્વોક કરવા માટે સક્ષમ ગણાશે. આવા સક્ષમ અધિકારીએ આવા મકાનોનું સ્થળ નિરીક્ષણ કરીને સમગ્ર પાસાં ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય કરવાનો રહેશે. આવા સક્ષમ અધિકારીનો નિર્ણય આખરી ગણાશે અને તેમાં કોઈ વિવાદ ઉભો કરી શકાશે નહિ.

(૨) જે બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ આ યોજના હેઠળ મકાન બાંધકામનું કામ હાથ ધરે તેમને તેને મકાનદીઠ રુ. ૩૦૦૦ ( અંકે રુપિયા ત્રણ હજાર પુરા)ની રકમ એડવાન્સ તરીકે આપી શકાશે.

(૩) જે બિનસરકારી સંસ્થા સ્વૈચ્છિક સંસ્થાને એડવાન્સ આપવામાં આવે તે સંસ્થાએ રાષ્ટ્રીયકૃત બેંકમાં અથવા શેડયુલ્ડ બેન્કમાં આ હેતુ માટે અલગ ખાતું ખોલાવવાનું રહેશે. આ યોજના માટે મળતી એડવાન્સની રકમ તેમજ બાંધકામ દરમ્યાન તબકકાવાર મળતી તમામ રકમોના ચેક આ ખાતામાં જમા કરાવવાના રહેશે. તેમજ યોજનાના ઉપરના તમામ ખર્ચા આ ખાતામાંથી જ ચૂકવવાના રહેશે. દરેક વખત બીલ રજૂ કરતી વખતે ઉપરોકત બેન્ક એકાઉન્ટની પાસબુક સક્ષમ અધિકારી માંગે તો રજૂ કરવાની રહેશે.

(૪) સંસ્થાઓ ધ્વારા જે કામ હાથ ધરવામાં આવે તે કામના પ્રમાણમાં જ નાયબ ઈજનેરના બાંધકામના મળેલા પ્રમાણપત્રના આધારે ચૂકવણું કરવાનું રહેશે. ચૂકવણું કરતી વખતે સંસ્થાને અપાયેલ એડવાન્સની રકમ આખરી બીલ ચૂકવતાં અગાઉ સંપૂર્ણપણે વસુલ થઈ જાય તે રીતે એડવાન્સની રકમ સરભર કરવાની રહેશે.

(૫) આ યોજના હેઠળ સંસ્થા કે વ્યક્તિને જે કામ આપેલ હોય તે કામ પૂર્ણ થઈ ગયા પછી સંસ્થાએ તૈયાર કરેલ મકાનોને એક ચોમાસું પૂરું થયા બાદ મકાનને જો કોઈ નુકશાન થયાનું ન જણાય તો જ સંસ્થાએ આપેલ બેન્ક ગેરન્ટી છૂટી થવા પાત્ર રહેશે.

(૬) કોઈ પણ બિન-સરકારી સંસ્થાને એકી સાથે ૨૦૦ થી વધુ મકાનો બાંધવાની કામગીરી સોંપી શકાશે નહિ.

(૭) બિન સરકારી સંસ્થાને મકાન ચણતર અંગેની કામગરી સોંપવામાં આવ્યા પછી જો તેઓ અધૂરુ કામ મૂકી છોડી જાય તો અધૂરા રહેલા કામો સંસ્થાના ખર્ચે અને જોખમે પૂરા કરાવવાના રહેશે.

(૮) આવી બિન સરકારી સંસ્થાઓને કેટલા યુનિટ આપવામાં આવ્યા છે અને ખરેખર કેટલા યુનીટનું કામ શરુ કરેલ છે, વિગેરે બાબતો ધ્યાનમાં લઈ એડવાન્સની રકમ આપવાની રહેશે.

(૯) જો જિલ્લા પંચાયત /તાલુકા પંચાયતના કોઈ પદાધિકારી આવી બિનસરકારી સંસ્થામાં હિત ધરાવતા હોય અથવા તેની સાથે સંકળાયેલા હોય તો તેવી બિનસરકારી સંસ્થાને આવી કામગીરી સોંપી શકાશે નહિં.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૬-૪ ૨૦૦૦ના રોજ સંમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.ડી.રાવત )
ઉપ સચિવ
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.સર્વ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના સર્વ વિભાગ
- અ.મુ.સ.શ્રી (ગ્રામ વિકાસ) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ, રાજકોટ
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડળ હિસાબો,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળહપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઇલ

NGO.ADV.PAY.GR: PA.2712000